# મોડાસા-નડીયાદ રેલવે લાઈનના સ્ટેશનના સ્ટોપેજ રદ

## ધનસુરા, કાશીપુરા, વડાલી, કઠલાલ, મહુધા રેલવે સ્ટેશન પર ટ્રેન નહીં થોભે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

મોડાસા-કપડવંજ-નડીયાદ બ્રોડગેજ રેલવે લાઈન દિલ્હી સુધી લંબાવવા માટેની સતત માંગ થઈ રહી છે અને રેલવે લાઈનમાં માત્ર ૨૨.૫૩ કી.મી.ના નવા ટ્રેકની કામગીરી છેલ્લા ઘણા સમયથી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. સદર ટ્રેકને જોડવામાં આવે તો મુંબઈ-દિલ્હી વચ્ચેનો નવો ટ્રેક ટૂંકમાં જ મુસાફરોને મળી શકે તેમ હોવા છતાં રેલવે તંત્રની મનમાનીપૂર્વકના નિર્ણયોથી રેલવેના મુસાફરોમાં આશ્ચર્ય ઉભું થયું છે.

પ્રાપ્ત જાણકારી મુજબ મોડાસા-કપડવંજ-નડીયાદ બ્રોડગેજ રેલવે લાઈન ઉપર તા.૧-૧-૨૦૨૧થી વચ્ચે આવતા ધનસુરા, કાશીપુરા, વડાલી, ભાનેર, મહુધા, કઠલાલ રેલવે સ્ટેશન ઉપર સદર રેલવે ઉભી રહેશે નહીં. એટલે મોડાસા થી કે નડીયાદથી ઉપડતી ટ્રેન સીધી જે તે સ્ટેશને જ ઉભી રહેશે જેનાથી વચ્ચેના સ્ટેશનો ઉપર રેલવે ઉભી ન રાખવાના નિર્ણયના કારણે આવકને પણ અસર થવાની સંભાવના છે. મોડાસા-નડીયાદ બ્રોડગેજ રેલવે લાઈન દિલ્હી સુધી લંબાવવામાં આવે અને મુંબઈ-



મોડાસા રેલવે શરૂ કરવામાં આવે તેના માટે રજૂઆતો રેલ મંત્રાલય સમક્ષ વારંવાર કરવામાં આવી છે તેવા સંજોગોમાં આ રેલવે લાઈન ઉપર કેટલાક રેલવે સ્ટેશનો બંધ કરવાના નિર્ણયને કારણે રોષ વ્યાપ્યો છે. રેલવે સત્તાવાળાઓને રેલવે આ નિર્ણય મુલત્વી રાખવા માટે અને સ્ટોપેજ ફરીથી શરૂ કરવા માટેની વિવિધ સામાજીક સંગઠનો દ્વારા માંગ કરવામાં આવી છે. ટૂંકમાં મોડાસા-કપડવંજ-નડીયાદ રેલવે ટ્રેકનું વિસ્તૃતિકરણનું કામ મંથર ગતિએ ચાલી રહ્યું છે ત્યાં હવે રેલ સત્તાવાળાઓએ મનસ્વી રીતે ધનસુરા, કાશીપુરા, વડાલી, કઠલાલ અને મહુધા સહિતના રેલવે સ્ટેશન ઉપર ટ્રેન ઉભી ન રાખવાનો નિર્ણય કરતાં વેપારી વર્ગ આશ્ચર્યમાં મૂકાયો છે.

### મહિલા કર્મીની સતામણીનો આરોપ

# બાયડ તાલુકા પંચાયતના કર્મી સામે નિમેલી તપાસ કમીટી શંકાના દાયરામાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડ તાલુકા પંચાયતમાં મહિલા કર્મીની મિશન મંગલમ યોજનાના એક કર્મચારી દ્વારા સતામણી કર્યાનો આરોપ લાગ્યા પછી તપાસ કમીટીનું નાટક કરવામાં આવ્યું છે પરંતુ આજદિન સુધી તપાસ કમીટીએ શું તપાસ કરી, કસૂરવાર કોણ છે તેની કોઈ વિગતો જાહેર કરી નથી. એક રીતે નિમેલી તપાસ કમીટી જ શંકાના દાયરામાં આવી ગઈ છે. જ્યારે સદર કર્મીએ સખીમંડળની કેટલીક બહેનોને લોન અપાવવાના બહાને છેતરી હોવાની લોકચર્ચાના આરોપ લાગ્યા છે. એકાદ-બે દિવસમાં ફાઈલના રૂપમાં તાલુકા પંચાયતમાં લેટર બોમ્બ ફૂટે તેવી ગરમા ગરમ ચર્ચા શરૂ થઈ છે.

બાયડ તાલુકા પંચાયતના ચોક્કસ કર્મચારીઓની મનમાની સામે વિભાગ અને જિલ્લા વિકાસ અધિકારીને લેખિત તેમજ રૂબરૂ રજૂઆતો થઈ હોવા છતાં કોઈ પગલાં ભરાયાં નથી અનેક કર્મીઓ સામે અત્યંત ગંભીર પ્રકારના આરોપ લાગ્યા છે. પરંતુ આવા કર્મચારીઓ અનેકની પોલ જાણતા હોવાથી તેમની સામે ગંભીર પગલાં ભરાતાં નથી માત્ર સામાન્ય ઠપકો આપીને જવા દેવામાં આવે છે ત્યારે તાજેતરમાં જ તાલુકા પંચાયતની મિશન મંગલમ યોજનાના એક કર્મચારીએ શાખામાં ફરજ બજાવતી મહિલા કર્મીની જાતિય સતામણી કર્યાનો આરોપ લગાવી ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી પરંતુ ઉચ્ચ અધિકારીઓને સાચવતા આ કર્મચારી ક્યાંય ભરાઈ ન જાય તેની ચીવટ રાખી માત્ર તપાસ કમીટીનું નાટક રચ્યું અને આવો કોઈ બનાવ અમારા ધ્યાનમાં નથી તેવું મીડીયાને જણાવી દીધું પરંતુ સમગ્ર પ્રકરણ અત્યંત ગંભીર છે અને યોગ્ય તપાસ થાય તો મોટા વિસ્ફોટ થઈ શકે છે. અત્યારે તો મિશન મંગલમ યોજનાના કર્મચારી સામે તપાસ માટે નિમેલી ૩ સભ્યોની કમીટી જ શંકાના દાયરામાં આવી ગઈ છે.

# ચૂંટણી ઈફેક્ટ : જિલ્લા પોલીસને માસ્ક દંડનો ટાર્ગેટ ઓછો કરાયો, વાહનચાલકોને ખોટી કનડગત ન કરવા સૂચના

## આડેધડ દંડ કરાતાં વાહન ચાલકોમાં પ્રચંડ નારાજગી પ્રસરી હતી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

ચૂંટણી આવતાં સરકારી બાબુઓના વર્તનમાં એકાએક ફેરફાર જોવા મળ્યો છે. અત્યાર સુધી કોરોનાથી પ્રજાને બચાવવા માટે ફરજીયાત માસ્ક અમલી બનાવ્યો હતો. માસ્ક ન પહેરનાર પાસે રૂા.૧૦૦૦નો દંડ વસુલાતો હતો જેના કારણે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં રૂા.૧૦૦૦નો દંડ વસુલાતાં રાજ્ય સરકારને દંડની અધધ રકમ પ્રાપ્ત થઈ હતી પરંતુ મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને મુદત પૂર્ણ કરતી નગરપાલિકાની ચૂંટણી ફેબ્રુઆરીના અંતમાં યોજાવવાની છે ત્યારે દંડના કારણે લોકોમાં રોષ છે તેવી રજૂઆતો



સરકાર અને પોલીસ સામે રોષ જોવા મળ્યો હતો. પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવતાં ગૃહ વિભાગે આદેશ આપ્યો હોય તેમ પોલીસને માસ્ક દંડનો ટાર્ગેટ ઓછો કરાયો છે તેમજ વાહન ચાલકોને બિનજરૂરી ખોટી કનડગત ન કરવા સૂચનાઓ મળી છે જો કે સ્થાનિક પોલીસે આવી કોઈ બાબત ધ્યાનમાં ન હોવાનું જણાવ્યું છે.

રાજ્યમાં કોરોનાની મહામારી વકરતાં કેટલાક કિસ્સાઓમાં આરોગ્ય પ્રત્યે પ્રજાની બેદરકારી સામે આવી હતી જેથી ગુજરાત હાઈકોર્ટે પણ ટકોર કરી માસ્ક ન પહેરે તો વધુ દંડ વસુલ કરવા રાજ્ય સરકારને જણાવ્યું હતું જેથી માસ્ક ન પહેરનારા લોકો પાસેથી લોકપ્રતિનિધિઓએ કરી હશે.

આ સંજોગોમાં ચૂંટણી સમયે મતદારો અને પ્રજાનો રોષ ઓછો કરવા માટે દરેક જિલ્લા પોલીસને માસ્ક દંડનો ટાર્ગેટ ઓછો કરવા સૂચનાઓ મળી છે. વાહન ચાલકોને હાઈવે ઉપર ઉભા રાખી ટ્રાફીક નિયમન મુદ્દે મેમા અપાતા હતા અને તે રોષ પણ વધી રહ્યો છે તે જોતાં વાહન ચાલકોને અનિવાર્ય ન હોય ત્યાં સુધી ખોટી કનડગત ન કરવા સૂચના આપવામાં આવી છે. જો કે આવી સૂચના મળી જ હશે તેવું માનવા પાછળનું કારણ એ છે કે છેલ્લા ૨ દિવસથી જિલ્લાના માર્ગો અને પોલીસ મથકો આગળ પોલીસ જવલેજ ચકાસણી કરતી જોવા મળી છે.

બહાર નિકળીએ એટલે માસ્ક પહેરીએ, કોરોનાથી બચીએ.
શ્રી વિરલકુમાર બી. પટેલ
: તલાટી કમ મંત્રી :
ભૂખેલ ગ્રામ પંચાયત
બાયડ, જિ. અરવલ્લી

પરમ સ્ટોન



સ્પે. કપચી, ગ્રીટ, સેમી કપચીના ઉત્પાદક
શિરીષ એન. પટેલ
કમલેશભાઈ વી. પટેલ (K.V.Patel)
વિનોદભાઈ એન. પટેલ
બોરીયાટીંબા તા. ધનસુરા જિ. અરવલ્લી

શ્રી એચ. એસ. ગોસ્વામી
તલાટી કમ મંત્રી :
અલવા ગ્રામ પંચાયત
તથા સરપંચ, ઉપસરપંચ,
કમીટી સભ્યો અને કર્મચારી ગણ
અલવા, તા.બાયડ, જિ. અરવલ્લી
ઘેર..ઘેર વૃક્ષ વાવીએ,
હરિયાળીનું સર્જન કરીએ.



સંગઠન શક્તિ યુગે..યુગે.
વિજયનગર આંજણા સમાજ પંચ
પ્રમુખ : ડૉ.પંકજકુમાર આર. પટેલ
મહામંત્રી : કાળુભાઈ મગનભાઈ પટેલ
ઉપપ્રમુખ : ઈશ્વરભાઈ નોકાભાઈ પટેલ
સહમંત્રી : કાન્તિભાઈ એલ. પટેલ
તથા કમીટી સભ્યશ્રીઓ
વિજયનગર, જિ. સાબરકાંઠા

ડૉ.રવિકુમાર વી. પટેલ
એમ.બી., ડી.જી.ઓ.
માઁ હોસ્પિટલ
પ્રસુતિ, એન્ડોસ્કોપી, 3D-4D સોનોગ્રાફી,
સ્ત્રી રોગો અને વંધ્યત્વ નિવારણના નિષ્ણાત
શ્રીજી કોમ્પલેક્ષ, ચોઈલા રોડ,
ક્રિશીવ મેડીકલ સ્ટોર્સ
બાયડ, જિ. અરવલ્લી
ફોન નં.૦૨૭૭૯-૨૨૨૫૫૫
મો.૭૯૯૦૨૭૦૧૪૬, ૯૪૦૯૭૭૭૦૦૮

નલ સે જલ મિશન સિદ્ધ કરવા રાજ્ય સરકારના વધુ બે ક્રાન્તિકારી નિર્ણયો.
ભૂમાફીયાઓ ફરતે સરકારે કસ્યો મજબૂત સકંજો.



અશોકસિંહ ડાહ્યાભાઈ પગી
પ્રમુખ :
બાયડ તાલુકા સરપંચ એસોસીએશન
સંગઠન મંત્રી :
બાયડ તાલુકા ભા.જ.પ.
સભ્ય :
જિલ્લા નશાબંધી અમલીકરણ સમિતિ, સાબરકાંઠા-અરવલ્લી
શ્રીમતી સુધાબા અશોકસિંહ પગી
સરપંચશ્રી : પ્રાંતવેલ ગ્રામ પંચાયત
પ્રાંતવેલ તા.બાયડ, જિ. અરવલ્લી



ફોરમ પેટ્રોલીયમ
ડીલર :
ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લી. (BPCL)
બાયડ-દહેગામ હાઈવે રોડ
ચોઈલા, તા. બાયડ, જિ. અરવલ્લી
મો.-૯૪૨૬૩૬૦૦૮૨, ૯૫૩૭૬૧૯૫૫૪
૨૪ કલાક પેટ્રોલ-ડીઝલનું વેચાણ ચાલુ.